આજે પેટાચૂંટણી માટે મતદાન

નવ રાજયોને આવરી લેતી લોકસભાની ૩ અને વિધાનસભાની ૩૩ સીટ માટે મતદાન

નવી દિલ્હી,તા. ૧૨

નવ રાજ્યોને આવરી લેતી લોકસભાની ત્રણ અને વિધાનસભાની ૩૩ બેઠકો પર આવતીકાલે પેટાચુંટણી માટે મતદાન યોજાનાર છે. નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ આ પેટાચુંટણી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ત્રણ હાઈપ્રોફાઈલ લોકસભા બેઠકો ઉપરાંત ૩૩ વિધાનસભાની બેઠકો પર અનેક મોટા માથા ભાગ્ય અજમાવી રહ્યા છે. આવતીકાલે ઉત્તરપ્રદેશમાં ૧૧, રાજસ્થાન ૪, આસામમાં ૩, ગુજરાતમાં ૯, પશ્ચિમ બંગાળમાં ૨, ત્રિપુરા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ અને સિક્કીમમાં ૧-૧ બેઠક પર આવતીકાલે મતદાન યોજાશે.

યોજાનાર પેટાચૂંટણીને લઈને રાજકીય ગરમી વધી ગઈ છે. આવતીકાલે સઘન સુરક્ષા વચ્ચે મતદાન યોજાનાર છે. ચૂંટણી પ્રચારનો ગુરૂવારે અંત આવ્યા બાદ હવે ભારે સસ્પેન્સની સ્થિતી પ્રવર્તી રહી છે. આ પેટાચૂટણી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર માટે કસૌટી સમાન છે. બીજી બાજુ લોકસભાની ચૂંટણીમાં કારમી હારનો સામનો કરનાર કોંગ્રેસ સહિતની રાજકીય પાર્ટી માટે પોતાને ચકાસવાનો સમય છે. તેમની સ્થિતીને ફરી મજબુત કરવાનો સમય પણ છે. મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ ત્રીજી પેટાચૂંટણી છે. છેલ્લી બે પેટાચૂંટણી બાદ એવા પ્રશ્નો થઈ રહ્યા છે કે મોદીનો જાદુ હવે ઘટી રહ્યો છે. લોકસભાની ચૂંટણી બાદ તરત યોજીયેલી ઉત્તરાખંડ વિધાનસભાની ત્રણ બેઠકોની પેટાચૂંટણીમાં ભાજપની કારમી હાર થઈ હતી. ભાજપની ત્રણેય બેઠકો પર કોંગ્રેસની સામે હાર થઈ હતી. ગયા મહિનામાં જ બિહાર સહિત ચાર રાજ્યોમાં ૧૮ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી યોજાઈ હતી જેમાં એનડીએની હાલત સારી રહી ન હતી. યુપીએ ૧૦ બેઠકો જીતી જવામાં સફળ રહ્યું હતુ. છેલ્લે પેટાચૂંટણીમાં તમામની નજર બિહાર પર હતી. જ્યારે હવે તમામની નજર યુપી પર છે. કારણ કે લોકસભાની ચૂંટણીમાં ભાજપે અહીં ઈતિહાસ સર્જીને ૮૦ પૈકીની ૭૦ બેઠકો જીતી લીધી હતી.

મુલાયમના રાજીનામાના કારણે મેનપુરીમાં ચૂંટણી યોજાઈ રહી છે. આ સીટ સપાની ગઠ સમાન છે. આ વખતે યાદવના ભત્રીજા તેજ પ્રતાપ સિંહ યાદવની ટક્કર ભાજપના પ્રેમ સિંહ શાક્યની સામે છે. જે અત્યંત પછાત જાતિના છે. બહુજન સમાજ પાર્ટી મેદાનમાં નથી. જેથી ભાજપ અને સપા વચ્ચે મુખ્ય સ્પર્ધા છે.ભાજપે પ્રચારની જવાબદારી યોગી આદિત્યનાથને સોંપી હતી રાજસ્થાનમાં વિધાનસભાની ચાર બેઠકો પર મતદાન યોજનાર છે. જેમાં નસીરાબાદ, સુરજગઢ, કોટા દક્ષિણ અને વીરનો સમાવેશ થાય છે. આાસામમાં ત્રણ બેઠકો પર પેટાચૂંટણી યોજાનાર છે. જેમાં લખીમપુર, સિલચર અને જમુનામુખનો સમાવેશ થાય છે.

ભારતીય નૌસેનાને આઠ ટોહી વિમાન આપવાની તૈયારી શરૂ

બોંઇગ સમયસર રીતે વિમાનો પુરા પાડવા માટે સુસજ્જ

નવી દિલ્હી,તા. ૧૨

આગામી વર્ષ સુધી ભારતીય નૌકાસેનાને આઠ ટોહી વિમાન મળી જશે. અમેરિકાની વિમાન બનાવતી કંપની બોઈંગ તમામ આઠ દરિયાઈ ટોહી વિમાન પી-આઠ આઈ ભારતીય સેનાને આપી દેશે. બોઈંગે પાંચમુ વિમાન ગોવાની નજીક રજાલી નૌસેનિક વિમાનીમથકે પહોંચાડી દીધા બાદ આને લઈને અટકવો વધારે તીવ્ર બની છે. બોઈંગ કંપનીને પી-૮ આઈ ટોહી વિમાન આપવા માટેનો કોન્ટ્રાક્ટ વર્ષ ૨૦૦૯માં આપવામાં આવ્યો હતો. આ વિમાન બોઈંગના ૭૩૭ વૈપારિક વિમાન પર આધારિત છે. પી-૮ આઈ પ્રકારના વિમાન ભારતીય નૌકાસેના માટે તૈયાર કરવામાં આવ્યા છે. જ્યારે અમેરિકી નૌકાસેનાને પી-૮-એ પોઝાઈઝડ વિમાન આપવામાં આવ્યા છે.

અમેરિકાએ પોતાની નૌકા સેના ઉપરાંત હજુ સુધી માત્ર ભારતને ટોહી વિમાન આપવાની મંજૂરી આપી છે. ભારતીય નોકા સેનાના અધિકારી ડેપ્યુટી ચીફ આરકે પટ્ટનાઈકે કહ્યું છે કે પી-૮ - આઈ કાર્યક્રમ મુજબ તૈયાર કરવામાં આવી રહ્યા છે. યોગ્ય સમય પર આ વિમાનો આપી દેવામાં આવસે. આ વિમાન મળી ગયા બાદ ભારતની દરિયાઈ તાકાતમાં વધારો થશે. ભારતે સંરક્ષણના ક્ષેત્રમાં કોઈ બાંધછોડ નહી કરવાનો નિર્ણય કર્યો છે. સંરક્ષણ પ્રધાન અરૂણ જેટલી પહેલાથી જ કહી ચુક્યા છે કે ભારતીય સુરક્ષા જવાનોને અતિ આધુનિક હથિયારો ઉપલબ્ધ કરાવવા માટે સરકાર કટિબદ્ધ છે. મોદી સરકાર આના માટે પહેલાથી બજેટમાં વધારો કરી ચુકી છે.

રાજકીયપક્ષોની પ્રવૃત્તિ ઉપર ચાંપતી નજર રખાશે

હવે દરેક જિલ્લામાં મોડલ પોલીંગ સ્ટેશન ઉભા કરાશે

નવી દિલ્હી ,તા. ૧૨

હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચુંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે તમામ સસ્પેન્સનો અંત આવ્યો છે અને તૈયારીઓ શરૂ થઈ છે. આ વખતે ચુંટણીપંચે પણ કેટલીક નવી પહેલ કરી છે. જેના ભાગરૂપે બન્ને રાજ્યોમાં કેટલાક મોડલ પોલીંગ સ્ટેશન બનાવવામાં આવશે. આ પોલીંગ સ્ટેશનો ઉપર તમામ પ્રકારની સુવિધાઓ ગોઠવવામાં આવશે. ચુંટણીપંચે જાહેરાત કરી છે કે, દરેક જિલ્લામાં કેટલાક મોડલ પોલીંગ સ્ટેશન ઉભા કરવામાં આવશે. પંચે તો અહીં સુધી દાવો કર્યો છે કે દરેક બ્લોકમાં ઓછામાં એક મોડલ પોલીંગ સ્ટેશન બનાવવામાં આવશે. તમામ મતદાન કેન્દ્રો ઉપર પુરતા પ્રમાણમાં સુરક્ષા જવાનો ગોઠવવામાં આવશે. શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચુંટણીની ખાતરી કરવા તમામ પગલા લેવામાં આવશે. રાજકીયપક્ષોની પ્રવૃત્તિ ઉપર પણ બાજ નજર રાખવામાં આવશે. રાજકીયપક્ષોના ઉમેદવારો ઉપર પણ ચુંટણીપંચ વિશેષ નજર રાખવા માટે કટીબદ્ધ દેખાઈ રહ્યું છે.

ચુંટણી ખર્ચ કેસમાં ચૌહાણ સામે હુકમ બાજુએ મુકાયો

નવી દિલ્હી,તા. ૧૨

ચુંટણી ખર્ચ કેસમાં મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અશોક ચૌહાણની સામે ચુંટણીપંચના આદેશને દિલ્હી હાઈકોર્ટે આજે ફગાવી દીધો હતો આની સાથે જ અશોક ચૌહાણને કામચલાઉ રાહત થઈ છે. વર્ષ ૨૦૦૯ની વિધાનસભા ચુંટણી માટે અયોગ્ય ખર્ચ રજૂ કરવાના મામલામાં અશોક ચૌહાણને દોષિત ઠેરાવવાનો ચુંટણીપંચના આદેશને દિલ્હી હાઈકોર્ટે આજે ફગાવી દીધો હતો. ચુંટણીપંચે ૧ ૩મી જુલાઈના તેના આદેશમાં અશોક ચૌહાણને કારણદર્શક નોટીસ ફટકારી હતી અને ૨૦ દિવસની અંદર તેમનો જવાબ આપવા સુચના આપી હતી. આના માટે તેમને કેમ ગેરલાયક જાહેર કરવા જોઈએ નહીં તે અંગે ખુલાસો કરવા ચુંટણીપંચે કહ્યું હતું. જસ્ટિસ સુરેશ કેતે કહ્યું હતું કે, ચુંટણીપંચનો ૧ ૩મી જુલાઈ ૨૦૧૪નો આદેશ ફગાવી દેવાયો છે. તેના આદેશમાં ચુંટણી પેનલે નાંદેદ સંસદીય બેઠક પરથી સાંસદ ચૌહાણને કારણદર્શક નોટિસનો જવાબ આપવા ૨૦ દિવસની મેહતલ આપી હતી અને કહ્યું હતું કે, ચુંટણીખર્ચના સંદર્ભમાં માહિતી આપવામાં આવે તે જરૂરી છે. કારણદર્શક નોટીસમાં ચુંટણીપંચે ખોટી માહિતી રજૂ કરવા બદલ તેમને ગેરલાયક કેમ જાહેર કરવા જોઈએ નહીં તે અંગે ખુલાસો કરવા કહ્યું હતું. પરંતુ હાઈકોર્ટે ૨૮મી જુલાઈના દિવસે ચૌહાણને આપવામાં આવેલી કારણદર્શક નોટીસ પર સ્ટે મુક્યો હતો. અગાઉ પૂર્વ કાયદા પ્રધાન અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કેસ લડતા કહ્યું હતું કે, તેમના અસીલે સાચી ચુંટણી ખર્ચની માહિતી આપી હતી. ૨૦૦૯ વિધાનસભા ચુંટણીમાં ૬.૮૫ લાખનો ખર્ચ થયો હતો. ચૌહાણે મહારાષ્ટ્રના નાંદેડ લોકસભા બેઠકમાં ભોકારમાંથી જીત મેળવી હતી.

IS ને નેસ્તનાબુદ કરવા અમેરિકાની વહારે આરબ દેશો

ઈરાન, તા.૧૨

ઈરાક અને સીરિયામાં સક્રિય ઈસ્લામિક સ્ટેટ આંતકવાદીઓને નેસ્તનાબૂદ કરવા માટે દસ અરબ દેશોએ અમેરિકન સૈન્યને સહયોગ આપવા પર સંમતિ આપી હતી. તેમાં ખાડી સહયોગ પરિષદનાં છ દેશો પણ સામેલ છે. સાઉદી વિદેશ પ્રધાન પ્રિંસ સાઉદ અલ ફૈસલનાં નેતૃત્વ હેઠળ ગઈકાલે એક બેઠક યોજાઈ હતી. બેઠકમાં કુવૈત, કતર, બહરીન, ઓમાન, લેબનાન, જોર્ડન, ઈરાક અને ઈજિપ્તના વિદેશ પ્રધાનો ભાગ લીધો હતો. અમેરિકાનાં વિદેશ પ્રધાન જોન કેરી અને અરબ લીગનાં મહાસચિવ નબીલ અલ અરબી પણ આ બેઠકનો ભાગ હતાં. તુર્કીએ બેઠકમાં ભાગ લીધો ન હતો પણ તેમણે આઈએસ વિરુદ્ધની આ જંગમાં સાથ આપવાનો નિર્ણય કર્યો છે. અમેરિકાનાં વિદેશ પ્રધાન કેરીએ જણાવ્યું હતું કે ઈરાકમાં આઈએસના આતંકવાદીઓ વિરુદ્ધ અભિયાનમાં અરબ દેશ એ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે.

સેન્સેક્સ ૬૫ પોઈન્ટ સુધરી ૨૭૦૬૧ની નવી સપાટીએ

મુંબઈ,તા. ૧૨

શેરબજારમાં છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી મંદી ઉપર બ્રેક મુકાઈ હતી. આજે કારોબારના અંતે સેન્સેક્સ ઉછળીને બંધ રહ્યો હતો. સેન્સેક્સ ૬૫ પોઈન્ટના ઉછાળા સાથે ૨૭૦૬૧ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૦ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧૦૬ની સપાટીએ રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ તેજીમાં રહી હતી. ૧૭૩૬ શેરમાં તેજી અને ૧૩૧૮ શેરમાં મંદી રહી હતી. છેલ્લા સપ્તાહમાં ૨૦૧૪માં મોનસુનની સ્થિતિમાં ખૂબ સુધાર જોવા મળ્યો છે. ફોરેન પોર્ટફોલીયો મૂડીરોકાણકારો દ્વારા ૪૩૩.૫૫ કરોડની કિંમતના શેર ખરીદવામાં આવ્યા હતા. સ્ટોક એક્સચેન્જ પાસેથી પ્રાપ્ત આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. જાપાની શેરબજારમાં આજે સતત પાંચમા સેશનમાં તેજી રહી હતી. મૂડીરોકાણકારો અમેરિકી વ્યાજદરો અંગે નવેસરની માર્ગદર્શીકા માટે એફઓએમસી બેઠક પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. ૧૬ અને ૧૭મી સપ્ટેમ્બર ૨૦૧૪ના દિવસે એફઓએમસીની બેઠક યોજાનાર છે.

સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો બીએસઈ ઓટો, હેલ્થકેર, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં એક ટકાનો ઉછાળો રહ્યો હતો. જોકે બીએસઈ પાવર, કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સમાં ૧-૧.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગુરુવારે સતત ત્રીજા સેશનમાં મંદી રહી હતી. બેંચ માર્ક સેંસેક્સ ગઈકાલે ૬૨ પોઇન્ટ ઘટીને ૨૬૯૯૬ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સે ૨૭ હજારની સપાટી ગુમાવી દીધી હતી. આશરે બે સપ્તાહના ગાળામાં સેંસેક્સની આ સૌથી નીચી સપાટી છે. ગુરુવારે સન ફાર્મા, ઓએનજીસી, કોર ઇન્ડિયા સહિત બ્લુચીપના શેરમાં મંદી રહી હતી. યુએસ ફેડ રેટને લઇને પણ અટકળોનો દોર ચાલી રહ્યો છે. શેરબજારમાં સતત ત્રીજા સેશનમાં મંદી રહેતા કારોબારીઓ નિરાશ દેખાયા હતા. જોકે આજે સ્થિતિમાં સુધાર થયો હતો અને તેજી રહી હતી.

નિઠારી હત્યા કાંડ : હત્યારા કોલીની ફાંસી પર હજુ સ્ટે

નવી દિલ્હી,તા. ૧૨

સુપ્રીમ કોર્ટે નિઠારી હત્યારા સુરેન્દ્ર કોલીને ફાંસી આપવા ઉપર ૨૯મી ઓક્ટોબર સુધી બ્રેક મુકી દીધી છે. આનો મતલબ એ થયો કે ૨૯મી ઓક્ટોબર સુધી કોલીને ફાંસી આપી શકાશે નહીં. ચીફ જસ્ટીસ નિયુક્ત એચએલ દત્તુના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બેંચે સ્ટેને લંબાવી દઈને આ સુચના આપી હતી. આગામી સુનાવણી ૨૮મી ઓક્ટોબરના દિવસે હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશભરમાં ભારે ચકચાર જગાવનાર નોઈડાના નિઠારી હત્યાકાંડના ખતરનાક અપરાધી સુરેન્દ્ર કોલીની ફાસી પર સુપ્રીમ કોર્ટે ૮મી ઓક્ટોબરના દિવસે રોક મુકવાનો આદેશ જારી કર્યો હતો. કોલીને ૧૨મી સપ્ટેમ્બરના દિવસે ફાંસી આપવામાં આવનાર હતી. કોલીને ફાંસી પર સુપ્રીમ કોર્ટે સાત દિવસ માટે રોક મુકી દેવાનો આદેશ કર્યા

બાદ પ્રક્રિયા રોકી દેવામાં આવી હતી. મેરઠ જેલના અધિકારી એસએમ રિઝવીએ કહ્યું હતું કે ડીએમ મારફતે અમને હાઈકોર્ટનો આદેશ મળી ગયો હતો. પહેલા સાત દિવસ માટે ફાંસી ઉપર સ્ટે મુકવામાં આવ્યો હતો. હવે આને લંબાવીને ૨૯મી ઓક્ટોબર સુધી કરી દેવામાં આવ્યો છે. નિઠારી હત્યાકાંડમાં અપરાધી જાહેર થયેલા અને હાલમાં ફાસીની સજાનો સામનો કરી રહેલા ખતરનાક શખ્સ સુરેન્દ્ર કોલીને મેરઠની જેલમાં ગયા ગુરૂવારે ટ્રાન્સફર કરવામાં આવ્યા બાદથી તેને હવે ફાંસી અપાશે તે અંગે ચર્ચા ચાલી રહી હતી. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા તેની દયાની અરજીને ફગાવી દીધા બાદ સીબીઆઈની કોર્ટે ડેથ વોરંટ જારી કર્યુંહતુ. કોલીને પોલીસના વાહનમાં ગાજિયાબાદના દસના જેલમાંથી ગયા ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે મેરઠની જેલમાં લાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રપિતએ તેની અરદજી ફગાવી દીધા બાદ લોકલ સીબીઆઈ કોર્ટે તેની સામે ડેથ વોરંટ જારી કર્યું હતુ. કોલીને મેરઠની જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. કારણ કે દસનાની જેલમાં ફાંસીની વ્યવસ્થા નથી. ટ્રાયલ કોર્ટે કોલી અને મનિન્દર સિંહ પાડેરને ફાંસીની સજા ફટકારી હતી. મોડેથી અલ્હાબાદ હાઈકોર્ટે પાડેરની ફાંસીની સજાને મુક્ત કરી હતી. કોલીની ફાંસીની સજા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવી હતી. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે પણ કોલીની દયાની અરજીને ફગાવી દેવા રાષ્ટ્રપતિને અપીલ કરી હતી. ડિસેમ્બર ૨૦૦૬માં ૧૯ યુવતિઓ અને બાળકોના હાડપિંજરો મળી આવ્યા હતા. ત્યારબાદ કોલી અને પાઢેરની ધરપકડ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિએ ૨૭મી જુલાઈના દિવસે તેની દયાની અરજી ફગાવી દીધી હતી. ત્યારબાદથી ફાંસી પર લટકાવવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. સીબીઆઈએ ૧૬ મામલે તેની સામે ચાર્જશીટ દાખલ કરી હતી. કોલી બાળકો પર શોષણ કરીને તેમની હત્યા કરી દેતો હતો. કોલી પાઢેરના નિવાસમાં નોકર તરીકે હતો.

નટખટ નિરાલી (પાના નં. ૪ નું ચાલુ)

એ સ્કૂલમાં તારા મિત્રો પણ છે, તારા જાણીતા ટીચર્સ પણ છે... મમ્મીએ સમજાવ્યું.

બેટા, તારે નહીં અમારે પણ ઈન્ટરવ્યુ આપવાનો છે... પપ્પા.

તે તમે જઈને આપી આવો... બસ?

નિરાલીને ઘણું સમજાવી, હળવેથી-પ્રેમથી. તરત સુંદર મજાનો યુનિફોર્મ સીવડાવ્યો, દફતર, બૂટ-મોજા, નવી નોટો, લંચબોક્સ... બધી નવી નવી વસ્તુઓ જોઈ - મેળવી નિરાલી ખુશ. હં... હવે ઈન્ટરવ્યુનું જોયું જશે.

પપ્પાએ ઓફિસમાં બે દિવસ રજા રાખી. મમ્મી, દાદા-દાદી, અનુવારાફરતી બધાં નિરાલીના ઈન્ટરવ્યુની તૈયારીમાં.

બેટા, આને આ કહેવાય, પેલું તેમ કહેવાય. આ ચોરસ આકાર, આ લંબચોરસ, આ લાલ રંગ, પેળો પીળો.... ફળો-ફૂલો, વૃક્ષો, શાકભાજી, પંખીઓ, ઋતુઓ, દિવસ-મહિના... બધાંના નામ, ઓળખ નિરાલીને યાદ કરાવવામાં આવ્યા. રિહર્સલ કરાવવામાં આવ્યા.

'તમે ચિંતા નહીં કરો, મને બધી ખબર છે, બધું આવડે છે... તમારી નિરાલી ઠોઠ નથી, હોશિયાર છે...'

ઈન્ટરવ્યુ કમિટી સામે નિરાલી, મમ્મી-પપ્પા બેઠા છે. નમસ્તે. કહેવાનું શીખવેલું, નિરાલી તો એ ભૂલી જ ગઈ. ખુરશી એની ઊંચાઈથી પણ થોડી ઊંચી હતી, તે કૂદકો મારીને આરામથી બેસી ગઈ.

મમ્મી - પપ્પાને સહજ પ્રશ્નો પૂછવામાં આવ્યા. પછી આવ્યો નિરાલીનો વારો.

બેટા તારું નામ શું છે? આચાર્યા મેડમે પુછ્યું.

નિરાલી ... નિ.. રા.. લી.. પણ દાદા-દાદી, અનુ ફીઆ મને લાડમાં નટખટ નિરાલી કહે છે...

સરસ નામ છે હોં... બીજા ટીચર બોલ્યા.

છે સ્તો... તમારું શું નામ છે? નિરાલી ખિસ્સામાંથી પીછું કાઢતાં ટીચરને પુછી લીધું.

હં... મારું? મિતાલી.... ટીચરે હસતાં જવાબ આપ્યો.

સારું નામ છે.. પણ આખું નામ શું? નિરાલી ઈન્ટરવ્યુ આપવા નહીં, લેવા બેઠી છે મમ્મી-પપ્પા ન બોલી શકે, ન કંઈ કરી શખે.

મિતાલી અતુલકુમાર પરીખ... ટીચરે પુરૂં નામ કહ્યું.

બેટા આને શું કહેવાય? બોલ બતાવતાં બીજા ટીચરે પુછ્યું.

સાવ સહેલો પ્રશ્ન છે, આને બોલ કહેવાય, તે ગોળ છે.

આને કયો રંગ કહેવાય? લીલા રંગનો કાગળ બતાવી પૂછવામાં આવ્યું.

છે ને તે વૃક્ષો બધાં લીલો રંગના હોય છે. તેથી આનો રંગ લીલો કહેવાય...

આ કયો રંગ કહેવાય? લાલ રંગનું સફરજન બતાવી પુછ્યું.

સફરજન... અનુ ફીઆને બહુ ભાવે... રેડ.. રેડ.. એટલે લાલ રંગ... મને જરાયે નથી ગમતો. પપ્પાને હું રોજ કહું છું, ડીમ લાઈટ લાલ રંગનીા છે તે બદલી કાઢો.

તો તને કયો રંગ ગમે? આચાર્યા મેડમે પુછ્યું.

હં... મને બ્લ્યુ... મારી ઢીંગલીની આંખો બ્લ્યુ... મારા કબાટનો રંગ બ્લ્યુ... બધાં હસી પડ્યા.

'બસ... બસ.... નિરાલીને આકાશ, દરિયો બહુ ગમ, ખરું?

નિરાલીને તો વાતો કરવીય બહુ ગમે... બસ, હવે હું જાઉં?' નિરાલી જવાબની રાહ જોયા વિના ઊભી જ થઈ ગઈ. ઈન્ટરવ્યુ કમિટીના સભ્યો એને જોઈ રહ્યા. મમ્મી-પપ્પા ચિંતામાં, ઊંભા રહ્યા.

તમે પણ જઈ શકો છો... તમારી નિરાલી નિરાળી જ છે... આચાર્યા મેડમ બોલ્યા.

એમ નહીં, નટખટ નિરાલી... નિરાલીએ લહેકાથી કહ્યું.

ચાર દિવસમાં તો સ્કૂલેથી પત્ર આવ્યો. નિરાલી તો ખુશ ખુશ.

હું ઈન્ટરવ્યુમાં પાસ થઈ ગઈ... હું તો કહેતી જ હતી...

આજે તો આખી શાળામાં, બધા શિક્ષકોમાં નિરાલી જાણીતી છે એ હોંશિયાર છે, હસમુખી છે,

સલમાન સામે કાયદાકીય ગુંચવણ અકબંધ

હિટ એન્ડ રન કેસ : ૨૪મી સપ્ટેમ્બરથી ટ્રાયલ શરૂ થશે

મુંબઈ,તા. ૧૨

સલમાન ખાનને આવરી લેતા હિટ એન્ડ રન કેસમાં ૨૪મી સપ્ટેમ્બરના દિવસે ટ્રાયલ ફરી શરૂ થશે. સલમાન ખાન સામે હજુ પણ કેટલીક તકલીફો અને કાયદાકીય ગુંચવણ યથાવત રહી છે. સાક્ષીઓના નિવેદનને લઈને કોર્ટ દ્વારા વારંવાર કામગીરીને મોકુફ કરવાની પ્રક્રિયાથી કેસ ખૂબ લાંબા સમયથી ચાલી રહ્યો છે. હવે દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા બાદ ૨૪મી સપ્ટેમ્બરના દિવસથી ટ્રાયલ ફરી વખત શરૂ થશે. આજે સેશન્સ કોર્ટ સમક્ષ દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા હતા. પ્રોસીક્યુશન દ્વારા આ કેસમાં સુનાવણી ચલાવનાર કોર્ટને માહિતી આપી હતી કે, સમગ્ર પ્રક્રિયા આગળ વધી રહી છે. પોલીસ કસ્ટડીમાંથી ૬૩ મૂળભૂત સાક્ષીઓના નિવેદનો અને કેસ ડાયરી જે ગુમ થઈ હતી તે પરત મળી આવી છે અને જજ ડીડબલ્યુ દેશપાંડે સમક્ષ રજૂ કરવામાં આવી છે. કોર્ટે કહ્યું છે કે, એક માત્ર લાપતા નિવેદનને પણ ટૂંકમાં શોધી કાઢવામાં આવશે. સાક્ષીઓના ૬૩ નિવેદનો પૈકી એક નિવેદન લાપતા છે. આ કેસમાં ટ્રાયલને વારંવાર અસર થઈ છે. મુંબઈ પોલીસ કમિશનર રાકેશ મારિયાએ તપાસનો આદેશ આપ્યા બાદ દસ્તાવેજો મળી આવ્યા હતા. ૨૬મી ઓગસ્ટના દિવસે બાંદ્રા પોલીસ સ્ટેશનમાંથી દસ્તાવેજો મળી આવ્યા હતા. સલમાનના વકીલ શ્રીકાંત શિવાડેએ અગાઉ ભારપૂર્વક કહ્યું હતું કે, કાયદા હેઠળ સાક્ષીઓના મૂળભૂત નિવેદનોની ગેરહાજરીમાં ટ્રાયલ આગળ વધી શકે નહીં. બીજીબાજુ પ્રોસીક્યુશને કહ્યું હતું કે, મુંબઈ કોર્ટમાં સમગ્ર પ્રક્રિયા મુજબ ટુ કોપી સાથે ટ્રાયલ આગળ વધી શકે છે. આ કેસમાં નવા નિમવામાં આવેલા પબ્લિક પ્રોસીક્યુટર દ્વારા દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા. આ કેસમાં હજુ સુધી ૧૧ સાક્ષીઓ જુબાની આપી ચુક્યા છે. સેશન્સ કોર્ટે ગયા વર્ષે પાંચમી ડિસેમ્બરના દિવસે કેસમાં નવેસરથી ટ્રાયલનો આદેશ કર્યો હતો. સાક્ષીઓની ચકાસણી બાકી છે તેવી રજુઆત બાદ ફરી તપાસનો આદેશ કરાયો હતો. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે સલમાન ખાનની કાર એક બેકરીમાં ઘુસી ગઈ હતી. જેના કારણે એકનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. ૨૦૦૨ બાદથી સલમાન કેસમાં ટ્રાયલનો સામનો કરી રહ્યો છે.

પુત્ર ટાઇગરને મદદ કરવા માટે જેકી શ્રોફ ઇચ્છુક

મુંબઈ,તા. ૧૨

બોલિવુડમાં હિરોપંતિ ફિલ્મની સફળતા બાદ આત્મવિશ્વાસથી ભરપુર દેખાઈ રહેલા ટાઈગર શ્રોફને કેટલીક એક્શન ફિલ્મો હાથ લાગી છે. આ ઉપરાંત વિતેલા વર્ષોના સ્ટાર અભિનેતા જેકી શ્રોફે પોતના પુત્રને વધુ સફળતા અપાવવા માટેની તૈયાર પણ કરી લીધી છે. બોલિવૂડના વિતેલા વર્ષોના સ્ટાર અભિનેતા જેકી શ્રોફે હવે પોતાના પુત્રને પ્રમોટ કરવા માટે તમામ તૈયારીઓ કરી લીધી છે. વર્ષો પહેલા જેકી શ્રોફે સુભાષ ઘાઈની ફિલ્મ મારફતે શાનદાર રીતે એન્ટ્રી કરી હતી. જેકી શ્રોફે હીરો ફિલ્મથી એન્ટ્રી કરી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. જેકી શ્રોફ ઈચ્છે છે કે તેનો પુત્ર પણ તેની જેમ બોલિવૂડમાં એક ટોચના અભિનેતા તરીકે ઊભરીને બહાર આવે અને આના માટે પ્રયત્નશીલ પણ છે. જો કે ટાઈગર એક્શન ફિલ્મોમાં સફળતા મેળવી લેશે તેમ માનવામાં આવે છે.